જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૧/૨૦૧૮ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

# Happy New Year

**બિનવારસી મૃત બાળક ત્યજી દેવુ :-** **સમાચાર યાદી નં.૨૧૮૭/૧૮**

સોલા હાઇકોર્ટ : તા.૦૭/૧૧/૧૮ ના કલાક ૮/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે ગોતા હાઉસીંગ પાસે આવેલ બાપા સીતારામ ચોક અ.મ્યુ.કો. ની કચરાપેટી માં કોઇ અજાણી વ્યક્તિ એ તાજુ જન્મેલું બાળક જન્મ છુપાવવાના ઇરાદે મૃત હાલતમાં ત્યજી દિધેલ હોઇ, સોલા હાઇકોર્ટ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૧૮૮/૧૮**

આનંદનગર : યોગિનીબહેન વા/ઓ અરવિંદકુમાર ગણાત્રા (ઉ.વ.૬૪)(રહે.અગ્રવાલ અપાર્ટ્મેંટ મધુર હોલ ની પાછળ આનંદનગર ચાર રસ્તા) તા.૦૭/૧૧/૧૮ ના કલાક ૧૨/૧૦ વાગ્યાના સુમારે શિવાલીક બંગ્લોઝ તથા દેવપ્રિય-૨ ની વચ્ચેની ગલી શિવાલીક બંગ્લો નંબર-૭૮ સામે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી યોગિનીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ યોગિનીબહેઅ ગણાત્રાએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.બારડ ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૨૧૮૯/૧૮**

કૃષ્ણનગર : નનીબહેન વા/ઓ બાલુસિંગ રાજપુત (ઉ.વ.૬૦)(રહે.મંગલદીપ સોસાયટી ગોકુલધામ સામે નવાનરોડા કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૧/૧૮ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરની બહાર એક ઓટોરીક્ષા નંબર જીજે-૨૭-૬૫૯૬ માં આવેલ ત્રણ અજાણ્યા ઇસમો (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) ભેગામળી નનીબહેન નો સોનાનો દોરો કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- અને એકટીવા નંબર જીજે-૦૧-૧૪૮૩ કિંમત રૂપીયા ૨૦,૦૦૦/- ની લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.વહોનીયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૧૯૦/૧૮**

નવરંગપુરા : નેહાબહેન વા/ઓ વિકિભાઇ કરકર (રહે.ત્રીસા સોસાયટી વિભાગ-૨, એસ્ટ્રન્ટ સોસાયટીની સામે, અમીન માર્ગ, રાજકોટ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૧૮ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા એચ.કે.કોલેજ ની સામે રત્ના બીઝનેશ સ્કેર ખાતેની નેહાબહેનની ઓફીસ ખાતે તેમના ડ્રાઇવર આરોપી રાકેશ ગીરીશભાઇ ગોસ્વામી (રહે.બેરીસ્ટર ચોક, સુભાષરોડ, જામજોધપુર જામનગર) એ ઓફીસ ચાવીથી ખોલી, ઓફીસમાંથી બે લાકડાના ટેબલ અને પાંચ ખુરશી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તથા ગલ્લામાં રાખેલ રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એસ.કાઝી ચલાવે છે.

શહેરકોટડા : શબ્બીર આબીદભાઈ ટાંબાવાલા (ઉ.વ.૪૨)(રહે. હૈદરબાગ બિલ્ડીંગ, નારાયણનગર જી.આર.પાટીલ કોલેજની બાજુમાં જીલ્લો-મુમરાના ઠાના મહારાષ્ટ્ર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૧/૧૮ ના કલાક ૦૦/૧૫ થી બપોરના ૦૨/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે અમદાવાદ સરસપુર વોરાના રોઝા ખાતે આવેલ કુત્બે મજ્જીદ રાજગેટના દરવાજાની બહાર પાર્ક કરેલ પોતાની મારૂતી અલ્ટીકા ગાડી ના કેરીયર ઉપર મુકેલ ત્રણ બેગો કે જેમાં કપડા કિંમત રૂપિયા ૧૭,૦૦૦/- અને દુબઈ ના ૫,૦૦૦ દિરામ (ભારતિય ચલણ પ્રમાણે ૧,૦૦,૦૦૦/- રૂપિયા) મળી કુલ રૂપિયા ૧,૧૭,૦૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી

પી.વી.ધોકડીયા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૯૧/૧૮</u>**

નરોડા : જયદીપભાઇ દિનેશભાઇ પરમાર (ઉ.વ.૨૧)(રહે.તક્ષશીલા રેસીડંસી સ્મશાન ચાર રસ્તા પાસે નરોડા દહેગામ રોડ) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૧૧/૧૮ ના કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે એક લક્ઝરી ટ્રાવેલ્સ બસ નંબર જીજે.૦૧.એફ.ટી.૩૯૬૦ ના ચાલકે પોતાના કબજાની બસ પુરઝડપે અને બેદરકારી થી ચલાવી લાવી, સ્મશાન ચાર રસ્તા પાસે આવેલ નવી બનતી સુરીલ બીજનેશ હબ નામની સાઈડ સામે જમણી બાજુ કટમાથી યુ-ટર્ન મારી ઇલેક્ટ્રીક ડી.પી.પાસેના મેદાનમાં થઇ વળાંક લેતી વખતે જયદિપભાઇના પિતા દિનેશભાઇ પરમાર ને ટક્કર મારતા શરીરે ગંભીર ઇજા થતા, દિનેશભાઇનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.વી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.